શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૧૧ અંક : ૧૨ ડિસેમ્બર - ૨૦૧૯

કાર્તિકી સમૈયા પ્રસંગે

વડતાલધામને આંગણે

શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ

વડતાલધામ

વડતાલધામ ખાતે આયોજિત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની ઉપસ્થિતમાં સંતોનું ભવ્ય-દિવ્ય સંતસંમેલન

રાજકોટ- વાવડી ખાતે 'પ્રેમપ્રકાશ સંસ્કાર કેન્દ્ર' તથા મવડી ખાતે 'શ્રીહરિ સંસ્કાર કેન્દ્ર'નું ખાતમુહુર્ત કરતા સંતો-ભક્તો

દિપાવલી મહોત્સવ પ્રસંગે આયોજિત મારૂતિ યાગમાં ઉપસ્થિત સંતો-ભક્તો. શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ આદિ દેવોને ધરાવેલ ભવ્ય અન્નકૂટનાં દર્શન તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનો- સવાનાહ ગુરુકુલ (અમેરિકા)

SGVP ખાતે આયોજિત સહજાનંદ વિન્ટર કપ તથા SGVP ટ્રોફી ક્રિકેટ ટૂનામિન્ટમાં વિજેતા થયેલ ટીમને પ્રોત્સાહિત કરતા પૂજ્ય સ્વામીજી, એસ.પી. શ્રી અસારી સાહેબ તથા મહાનુભાવો

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી
: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી



ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૧, ડિસેમ્બર : ૨૦૧૯, અંક : ૧૨

પ્રકાશક તથા માલિક : પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોષ્ટ ઓફીસ અથવા પોષ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

આજ મેં તો ભેટ્યા રે...

આજ મેં તો ભેટ્યા રે, અંકભર પ્રગટ હરિ;
આનંદ ઉદિયો રે, નીરખી નજર હરી...ટેક૦

ધન્ય સખી દિન આજનો વળી, ધન્ય મુહૂરત ધન્ય વાર;
કરુણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા મોરાર;
દુર્બળ જાણી રે, મુજ પર મહેર કરી...આજ

સ્વ ઈચ્છા આવ્યા ચાલીને, આગુની ઓળખાણ;
તન મન ધન મોહન છબી ઉપરે, કરી નાખું કુરબાણ;
અઢળક ઢળિયા રે, સખી મુને અભર ભરી...આજ

હું સુતી'તી ભર નિદ્રામાં, જગાવી શ્યામ જહુર;
ભેટંતા અંતરથી ભાગ્યું, મોહ માયાનું પૂર;
અખિયાં ઉઘડી રે, થઈ છે ખબર ખરી...આજ

સુંદર શ્યામ મનોહર સુરત, મૂરતિ બેઉ સમાન;
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખંતાં ગુલતાન;
શંકા મેટી રે, હું તો વર અમર વરી...આજ

સત્સંગ સાધના શિબિર
ઋષિકેશ- ૨૦૧૯

તારીખ : ૧૮ થી ૨૪ ઓક્ટોબર, ૨૦૧૯



પર્વતરાજ હિમાલય યુગોથી પવિત્ર અને પૂજનીય છે. હિમાલય ભગવાન વિષ્ણુનું વિહારસ્થાન છે, ભગવાન શંકરનો નિવાસ છે અને યોગીઓની સાધનાભૂમિ છે.

ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ, બદ્રિનાથ જેવા અનેક દેવસ્થાનોને પોતાની ગોદમાં સમાવીને બેઠેલા હિમાલયને દેવભૂમિનું સંબોધન પ્રાપ્ત થયું છે.

મોક્ષના દરવાજા ઉઘાડનારી ગંગાનું અવતરણ હિમાલયથી થયું, પાંડવોએ સ્વર્ગારોહણ હિમાલયમાં કર્યું, નારદજીએ તપ હિમાલયમાં કર્યું, નર-નારાયણ ભગવાનનો નિવાસ પણ હિમાલયમાં થયો.

હિન્દુ સંસ્કૃતિના ધરોહર સમાન વેદો, ઉપનિષદો, પુરાણો, મહાભારત જેવા ગ્રંથોરૂપી સરિતાઓ પણ હિમાલયમાંથી વહી અને આ જ હિમાલયની કંદરાઓમાં સ્વામિનારાયણ સંપ્રદાયની ઉદ્‌ગમની દિવ્યગાથાઓ પણ સમાયેલી છે.

હિમાલયનાં ઉત્તુંગ શિખરો વચ્ચે વિદ્યમાન બદ્રિકાશ્રમ ધામમાં બિરાજમાન શ્રી નરનારાયણ દેવને નિમિત્ત બનાવી દુર્વાસા મુનિના શાપથી ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ પૃથ્વી પર અવતરણ થયું. તેમજ આ જ નગાધિરાજની ગોદમાં વહેતી મંદાકિની અને અલકનંદાના સંગમ સ્થાન રુદ્રપ્રયાગમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીને સદ્‌વિદ્યા પ્રવર્તનનો સર્વજીવહિતાવહ સંદેશ પ્રાપ્ત થયો.

જે રીતે હિમાલયનું આકર્ષણ અને મહત્ત્વ છે, એ જ રીતે હિમાલયનું દ્વાર હરિદ્વાર-ઋષિકેશમાંથી વહેતી ભાગીરથીનો તટ આપણાં અંતરને ખેંચે છે. પ્રાચીનકાળમાં આ કિનારા પર બેસીને અનેક ઋષિમુનિઓ, તપસ્વીઓ, સંતો અને સાધકોએ આત્મા-પરમાત્માની આરાધના કરેલી છે; એમાં પણ સ્વર્ગાશ્રમ બાજુનો ગંગા કિનારો પરમ પવિત્ર અને સાધના સભર વાતાવરણ પૂરું પાડે છે. પવિત્ર દેશ-કાળ અને સત્પુરુષનાં સંગમાં રહેવાથી સહેજે અંતરમાં શાંતિનો અનુભવ થાય છે. સ્વર્ગાશ્રમ વિસ્તારના ગીતા ભવન, પરમાર્થ નિકેતન, સ્વર્ગાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, વેદ નિકેતન વગેરે આશ્રમોમાં દર વર્ષે હજારો સાધકો-યાત્રિકો આવીને આ દિવ્યાનંદનો અનુભવ કરે છે.

અહીંના પ્રત્યેક આશ્રમમાં બ્રાહ્મમૂહુર્તથી આરંભીને સાયંકાળ સુધી સત્સંગ-જપ-અનુષ્ઠાન ચાલતાં રહે છે. આવાં દિવ્ય વાતાવરણમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે પોતાની જીવન લીલા સંકેલતા પહેલા સાધના શિબિરનું આયોજન કર્યું હતું અને પોતાના શિષ્યોને જીવનનું ભાથું બંધાવ્યું હતું.

ગુરુદેવની આ પ્રાસાદિક પરંપરા આજે પણ ગંગાપ્રવાહની જેમ પ્રવાહિત છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), અમદાવાદ દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી સંતો-ભક્તો શિબિરાર્થીના રૂપમાં દર ત્રણ વર્ષે ઋષિકેશ પધારે છે અને સાધનાની જ્યોત પ્રજ્વલિત કરે છે.

સંવત્ ૨૦૭૫ ના અંતિમ દિવસો- તા. ૧૮ થી ૨૪ ઓક્ટોબર, ૨૦૧૯ દરમિયાન સત્સંગ સાધના શિબિરનું આયોજન થયું. આ શિબિરમાં ૪૦ જેટલા સંતો-પાર્ષદો અને ૮૦૦ શિબિરાર્થીઓ સત્સંગ સાધના શિબિરમાં જોડાયા અને અનોખો લાભ લીધો.

ગુરુદેવે પ્રવર્તાવેલ આ સાધના શિબિરના મૂળ હેતુને લક્ષ્યમાં રાખીને સાત દિવસ ચાલતી આ શિબિરમાં શિબિરાર્થીઓ સત્સંગ, યોગ, જપ, અનુષ્ઠાન, યજ્ઞ, ગંગાસ્નાન, અભિષેક દર્શનનો લહાવો લે છે.

સૂરસરિતા ગંગાનો કિનારો, સંતોનો સંગ, દિવ્ય વાતાવરણ અને ગંગાઘાટ ઉપર માણેલા અલૌકિક આનંદની ઝાંખી ગુરુકુલ દર્શનનાં માધ્ય દ્વારા આપ સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છીએ.

૧૮ ઓક્ટોબરના રોજ ભગવતી ભાગીરથીના કિનારે સાધનામયી સત્સંગ શિબિરનાં પ્રારંભે સ્નેહમિલન યોજાયું. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતો અરસ-પરસ પૂજન કરી ભાવથી ભેટ્યા. ત્યાર બાદ સંતો ભક્તોની મધ્યે પધાર્યા અને ભક્તોને સ્નેહના તાંતણે બાંધ્યા, મોં મીઠું કર્યું, મળ્યા, શાલ ઓઠાડી. આ અલૌકિક સ્નેહથી નિતરતા અરસ-પરસના મિલનનાં દર્શન કરી સહુ સંતો-ભક્તો ધન્ય બન્યા.

દીપપ્રાગટ્ય કરી શિબિર ઉદ્‌ઘાટન કરતા સદ્‌ગુરુ સંતો, પૂજ્ય મુનિજી મહારાજ, શ્રી રામજીભાઈ હિરાણી તથા શ્રી ઢોલરિયા સાહેબ

ગંગા આરતી

વચનામૃત કથા

શિબિરાર્થીઓનો સાધનાપંથ સરળ અને સુગમ બની રહે એવા હેતુથી પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સારંગપુરના પ્રથમ વચનામૃતને આધારે મન જીત્યાના લક્ષણો વિશે તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા મુનિજી મહારાજે જીવન ઉપયોગી મહામૂલું માર્ગદર્શન આપ્યું હતું.



ગંગા સ્નાન

પંચનામૃત અનુષ્ઠાન

ગ્રૂપ સભા

ઠાકરથાળી

વચનામૃત વ્યાખ્યાન

શિબિર દરમિયાન યુવાન સંતોએ વચનામૃતને આધારે મનનીય પ્રવચનો કર્યાં હતાં, જ્યારે નાના સંતોએ સદ્‌ગુરુ ગાથા ગ્રંથને આધારે ગુરુપરંપરાના દિવ્ય પ્રસંગોનું વર્ણન કરી શિબિરાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી.

પૂજ્ય શામજીભગત

પૂજ્ય ધર્મનંદન સ્વામી

પૂજ્ય ભક્તવત્સલ સ્વામી

પૂજ્ય ભક્તિવેદાંત સ્વામી

પૂજ્ય મુનિવત્સલ સ્વામી

પૂજ્ય વિશ્વમંગલ સ્વામી

પૂજ્ય હરિનંદન સ્વામી

પૂજ્ય વિશ્વવલ્લભ સ્વામી

પૂજ્ય ગુણસાગર સ્વામી

પૂજ્ય વિશ્વસ્વરૂપ સ્વામી

પૂજ્ય શુકવલ્લભ સ્વામી

પૂજ્ય ઋષિકેશ સ્વામી

પૂજ્ય વર્ણીસ્વરૂપ સ્વામી

શ્રી જયદેવભાઈ સોનગરા
(એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, SGVP)

શ્રી ઢોલરિયા સાહેબ
(જજ,ગુજરાત હાઈકોર્ટ)

શ્રી બાગ સાહેબ
(જજ,કલકત્તા હાઈકોર્ટ)

યજમાનોને આશીર્વાદ તથા મહિલા સભા

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

વડતાલધામ

તારીખ : ૯ થી ૧૨ નવેમ્બર, ૨૦૧૯

ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી એટલે 'વચનામૃત' ગ્રંથ. પતીતપાવની ગંગાની જેમ અનેક જીવોને મોક્ષદાયી વચનામૃત ગ્રંથના બસો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે વડતાલ ધામમાં તારીખ ૯ થી ૧૨ નવેમ્બર દરમિયાન ખૂબ જ ધામધૂમથી 'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ' ઉજવાયો.

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજિત, પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનું સાંનિધ્ય અને પૂરાએ સંપ્રદાયના સહયોગથી 'ન ભૂતો ન ભવિષ્યતિ' ઉજવાયેલ આ મહામહોત્સવ ઇતિહાસના પાને સૂવર્ણ અક્ષરે લખાશે.

આ મહોત્સવ અંતર્ગત ભવ્ય શોભાયાત્રા, વચનામૃતન કથા, ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગ, સંત સંમેલન, રક્તદાન શિબિર, સર્વ રોગનિદાન કેમ્પ, અનેકવિધ પાસાઓને વણતું ભવ્ય પ્રદર્શન, વિવિધ ગ્રંથ વિમોચન સહિત અનેકવિધ ધાર્મિક તથા સામાજિક સેવાકીય પ્રવૃતિનાં આયોજનો થયાં.

મહોત્સવ નિમિત્તે પવિત્ર ગોમતી તળાવના કિનારે વિશાળ સભામંડપમાં મુખ્ય વક્તા પૂજ્ય સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસ સ્વામીએ વચનામૃત કથાનું રસપાન કરાવ્યું હતું. ઉપરાંત સંપ્રદાયના વરિષ્ઠ સંતો પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય નૌતમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય નિલકંઠચરણદાસજી સ્વામી, પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય સત્સંગભૂષણદાસજી સ્વામી વગેરે સંતો સહવક્તા તરીકે જોડાયા હતા.

મહોત્સવ પ્રસંગે મુખ્ય મંદિર તથા વડતાલ શહેર રોશનીનાં શણગારથી ઝળહળી ઊઠ્યું હતું. વિરાટ વચનામૃત ગ્રંથની પ્રતિકૃતિનું પૂજન-અભિષેક કરીને હજારો સંતો-ભક્તો ધન્યતા અનુભવી રહ્યા હતા. ભવ્ય સાંસ્કૃતિક પ્રદર્શનનું નિદર્શન અદ્‌ભુત હતું.

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ટાયટેનિયમમાં કોતરાયેલાં ગ્રંથ વચનામૃતનું ગોમતી મધ્યે દિવ્યતા સભર પૂજન અને 'વન્દે વચનામૃતમ્' લાઈટ એન્ડ સાઉન્ડ સો સહુનાં હૃદયને ધન્યતા અર્પી ગયો. સાથે સાથે વચનામૃત સંપાદક સંતોનું પૂજન તેમજ ગ્રંથરાજનો ત્રણ હજાર કિલોથી વધુ ડ્રાયફ્રુટથી થયેલો અભિષેક અંતરમાં કંડારાઈ ગયો.

કારતક સુદ બારસના પવિત્ર દિવસે મંદિરમાં બીરાજમાન દેવોનો ૧૯૪ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો. શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનો મહાઅભિષેક, અન્નકૂટનાં દર્શન કરી ભાવિકો ભાવવિભોર થયા હતા. ઉપરાંત નૂતન હનુમાનજી મંદિર તથા મુક્તાનંદ સ્વામી પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું. આચાર્ય મહારાજ દ્વારા પાર્ષદોને ભાગવતી દિક્ષા, અખંડ ધૂન, મહિલા મંચ વગેરે અન્ય આયોજનો પણ થયાં હતાં.

ભગવાન શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત થાય, વિશ્વ કલ્યાણ અને પર્યાવરણનું સમતુલન જળવાઈ રહે તેવા હેતુથી યોજાયેલ ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગનું સંપૂર્ણ આયોજન SGVP ગુરુકુલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હજારો ભક્તોએ શ્રીહરિને આહુતિઓ અર્પણ કરી હતી. યજ્ઞનું આયોજન નિહાળી પૂજ્ય મહારાજશ્રી તથા સંતોએ ખૂબજ રાજીપો વ્યક્ત કર્યો હતો.

સ્વચ્છ ભારત અભિયાનને ધ્યાનમાં રાખીને સમગ્ર મહોત્સવ દરમિયાન એક હજારથી વધુ સ્વયંસેવકોએ સમગ્ર વડતાલને સ્વચ્છ રાખવા રાત્રિ-દિવસ ખૂબ જ જહેમત ઊઠાવી હતી.

આ મહોત્સવ દરમિયાન ભારતીબાપુ, મુક્તાનંદબાપુ, અવીચલદાસજી મહારાજ, દિલીપદાસજી મહારાજ વગેરે ધર્માચાર્યો તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસુલ મંત્રી કૌશીકભાઈ પટેલ, મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા સહિત અન્ય રાજકીય નેતાઓ તથા રજત શર્મા (ચેરમેન-ઈન્ડિયા ટીવી), એક્ટર ગોવિંદા વગેરે મોટી સંખ્યામાં મહાનુભાવો તેમજ વિદેશથી હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવ દરમિયાન ૨૦ લાખથી વધુ હરિભક્તોએ દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી.

આ ભવ્ય મહોત્સવની થોડી તસ્વીર ઝલક ગુરુકુલ દર્શન દ્વારા પ્રસ્તુત કરીએ છીએ.

શોભાયાત્રા તથા મહોત્સવ ઉદ્‌ઘાટન





સંતપૂજન તથા વ્યાખ્યાનમાળા



સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી

સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી

સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી

મહોત્સવ દરમિયાન વ્યાખ્યાનમાળાનો લાભ આપતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય નૌતમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય નિલકંઠચરણદાસજી સ્વામી, પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય સત્સંગભૂષણદાસજી સ્વામી.





બ્રહ્મ પ્રારંભે પૂજ્ય મહારાજશ્રી તથા સદ્‌ગુરુ સંતોની પધરામણી તેમજ નવા બ્રહ્મશાળાનું રમણીય દૃશ્ય

વંદે વચનામૃતમ્ લાઈટ એન્ડ સાઉન્ડ શો તથા વચનામૃત પૂજન

ગુરુકુલ પરિવારના સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનોને આશીર્વાદ પાઠવતા આચાર્ય મહારાજશ્રી



પૂજ્ય સ્વામીજી દ્વારા લખાયેલ વચનામૃત ભૂમિકા પુસ્તક વિમોચન



મહોત્સવના કર્ણધાર સંતોને આશીર્વાદ





પાટોત્સવ પ્રસંગે ઇષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજનો અભિષેક તથા વચનામૃત ગ્રંથની રજત તુલા



રાજકોટ ગુરુકુલ દ્વારા આયોજિત વિશાળ વચનામૃત ગ્રંથનાં પૂજન પ્રસંગે ઉપસ્થિત મહારાજશ્રી તથા સંતો

વચનામૃત ઉપર પીએચ.ડી. કરનારા પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામીને આશીર્વાદ



પૂજ્ય ભારતીબાપુ તથા પૂજ્ય અવિચલદાસજી મહારાજ

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

શ્રી રજત શર્મા તથા ઉપમુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ

શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા

શ્રી આર.સી. ફળદુ સાહેબ

શ્રી પરેશભાઈ ધાનાણી

એક્ટર ગોવિંદાજી

પંકજભાઈ દેશાઈ

વરિષ્ઠ હરિભક્તોનું સન્માન

ધર્મકુળનું સન્માન

પૂજ્ય ગાદીવાળા માતુશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ મહિલામંચમાં ઉપસ્થિત વિશાળ સંખ્યામાં મહિલા ભક્તજનો

પ્રાર્થના મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ

રીબડા-રાજકોટ

તારીખ : ૫ થી ૯ ડિસેમ્બર, ૨૦૧૯

ભગવાન શ્રી સ્વામિનારાયણના 'સદ્‌વિદ્યા પ્રવર્તન' અને 'સર્વજીવહિતાવહ' સંદેશાઓ ગુરુકુલનાં માધ્યમથી ચારે દિશાઓમાં પ્રચાર-પ્રસાર પામી રહ્યા છે. પૂજ્યપાદ્‌ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સંપ્રદાયને આપેલી ગુરુકુલની અમૂલ્ય ભેટ આજે સમગ્ર માનવજાત તેમજ પ્રાણીમાત્ર માટે કલ્યાણકારી સાબિત થઈ છે.

પરમ પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા પૂજ્યપાદ્‌ જોગી સ્વામીની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત થતા ગુરુકુલની સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓને ખૂબ વેગ મળ્યો છે. પૂજ્યપાદ્‌ ગુરુદેવ તથા સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની નિશ્રામાં SGVP ગુરુકુલ આજે નવી ગતિથી જૂદા જૂદા ક્ષેત્રે સેવાઓની હરણફાળ ભરી રહ્યું છે.

આ સેવાકાર્યનાં નૂતન સોપાન સ્વરૂપે રીબડા-રાજકોટ ખાતે ગુરુકુલનો પ્રારંભ થયો છે. પૂજ્યપાદ્‌ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્યપાદ્‌ જોગી સ્વામી જેવા સદ્‌ગુરુ સંતોની પાવન ચરણરજથી પવિત્ર થયેલાં ૨૫ એકરમાં ફેલાયેલાં કેમ્પસમાં નૂતન પ્રાર્થના મંદિરનો ઉદ્‌ઘાટન મહોત્સવ ઉજવાયો. તારીખ ૫ થી ૯ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન અનેકવિધ આયોજનો સાથે ઉજવાયેલ આ મહોત્સવ ખૂબ જ દિવ્ય અને ભવ્ય રહ્યો. શોભાયાત્રા, મહોત્સવ ઉદ્‌ઘાટન, ૨૫ કુંડી મહાવિષ્ણુયાગ, પ્રતિષ્ઠા યાગ, નગરયાત્રા, મંદિર ઉદ્‌ઘાટન, મૂર્તિપ્રતિષ્ઠા, રાજોપચાર પૂજન, મેડીકલ કેમ્પ જેવા અનેકવિધ આયોજનોથી ભરપૂર આ મહોત્સવનો હજારો ભક્તોએ નેણાં ભરીને લાભ લીધો.

વડતાલધામથી શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠાધીશ્વર પરમ પૂજ્ય ધર્મ ધુરંધર ૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજની મહોત્સવમાં પધરામણી, એમના હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા તથા અમૃતવાણીનો લાભ લઈ સંતો-ભક્તોનાં હૃદય પ્રફુલ્લિત થયાં.

પૂજ્ય રમેશભાઈ ઓઝા, પૂજ્ય મુક્તાનંદબાપુ, પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ, પૂજ્ય દિલીપદાસજી મહારાજ, પૂજ્ય દેવપ્રસાદજી મહારાજ, પૂજ્ય વિજયબાપુ, પૂજ્ય મહાદેવબાપુ વગેરે ધર્માચાર્યો તથા વડતાલ, જૂનાગઢ, ગઢડા, ધોલેરા, રાજકોટ વગેરે ધામધામથી સંતોએ પધારી દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો.

મહોત્સવ દરમિયાન પૂજ્ય સ્વામીજીનાં મુખેથી નીલકંઠવર્ણીની લોજમાં પધરામણીની રહસ્યસભર કથાનું રસપાન કરી સહું ધન્ય થયા. પૂજ્ય ભાઈશ્રી, પૂજ્ય નિલકંઠચરણદાસજી સ્વામી, પૂજ્ય હરિપ્રકાશદાસજી સ્વામીની જીવનપ્રેરિત વ્યાખ્યાનમાળાએ સહુને પ્રેરિત કર્યા.

દર્શનમ્‌ના પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજી તથા દક્ષિણના પંડિતોએ સંપૂર્ણ વૈદિક વિધિથી કરેલ પ્રતિષ્ઠા યજ્ઞ, મૂર્તિપ્રતિષ્ઠા, રાજોપચાર પૂજનની દિવ્યતા સમગ્ર કેમ્પસમાં પ્રસરી ગઈ. ઉપરાંત ૨૫ કુંડી શ્રીમહાવિષ્ણુયાગમાં અનેક ભક્તોએ યજ્ઞનારાયણને આહુતિઓ અર્પણ કરી.

પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના આશીર્વાદ, પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીનાં માર્ગદર્શન સાથે ઉજયેલ આ સમગ્ર મહોત્સવની દર્શનીય ઘટના પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીની ઉપસ્થિતિ હતી. સાથે સાથે આચાર્ય મહારાજશ્રી દ્વારા જ્યારે સ્વામીને 'સદ્‌ગુરુ'ની પદવી અપાઈ ત્યારે હજારો આંખો આનંદ અને દિવ્ય ભાવથી ભીની થઈ હતી.

રાજદ્વારેથી પધારેલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, મંત્રીશ્રી જયેશભાઈ રાદડિયા, જસ્ટીસ ઢોલરિયા સાહેબ વગેરે મહાનુભાવોએ મહોત્સવ તથા કેમ્પસની દિવ્યતાનાં દર્શન કરી ધન્યતા અનુભવી.

મહોત્સવને સફળ બનાવવા ગુરુકુલ પરિવારના અનેક ભક્તોએ યજમાનપદે રહી પોતાની સદ્‌લક્ષ્મીનું દાન કર્યું. સ્વયંસેવકોએ રાત્રિ-દિવસ દરેક વિભાગોમાં સેવાઓ કરી શ્રીહરિ તથા સંતોનો રાજીપો મેળવ્યો.

આમ આ પાંચ દિવસના મહામહોત્સવમાં સ્વયં શ્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતો દિવ્ય સ્વરૂપે ઉપસ્થિત રહી ગુરુકુલ પરિવારને આશીર્વાદ વરસાવી રહ્યા હોય એવી અનુભૂતિ થઈ. આ મહોત્સવની કેટલીક ઝલક તસ્વીરનાં માધ્યમથી અહીં પ્રગટ કરી છે.



પ્રતિષ્ઠાની આરતીનાં દર્શન કરીને અનેક ભક્તોને દિવ્યાનુભૂતિ થઈ



: પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન :

[illegible] માધ્યમથી સંપ્રદાય અને સમાજની ખૂબ મોટી સેવા કરી છે. આજે એ [illegible] આ સ્થાન અને સંતો મૂળ સંપ્રદાયનું સર્વ રીતે પોષણ કરી રહ્યા છે તેથી આનંદ થાય છે. મહારાજનો સંપૂર્ણ રાજીપો તમારા ઉપર વરસી રહ્યો છે.

અમે ઘણાં મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી, પરંતુ આજે સૌપ્રથમ આ [illegible] ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગનો પ્રચાર-પ્રસાર થાય તેવી [illegible] પ્રાર્થના કરીએ છીએ.

અન્નકૂટ દર્શન તથા રાજોપચાર પૂજન







ગડડી ઉદ્ધવ સંપ્રદાયમાં સંતોનું આગવું સ્થાન રહ્યું છે. સંત દ્વારા જે સંપ્રદાય ઊજળો અને જાગતો રહે છે. સંતનાં મુખે વહેતી કથાગંગામાં સ્નાન કરી અનંત જીવો પાવન થયા છે અને શ્રીજી મહારાજના સ્વરૂપને પામ્યા છે. જેવો સત્સંગ સંતો દ્વારા, સંતોની કથાવાર્તા દ્વારા પ્રવર્ત્યો છે તેવો શ્રીજી મહારાજના માધ્યમથી નથી પ્રવર્ત્યો એ સ્વયં શ્રીજીના વચનો છે. મહારાજનાં આ વચનો આજે પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના માધ્યમથી સાર્થક થયા છે. સ્વામીનાં મુખેથી વહેતા કથામૃતનું પાન કરી અનેક લોકો સત્સંગમાં જોડાયા છે, સાધક થયા છે અને મોક્ષપંથે પ્રયાણ કર્યું છે. વૈરાગી, ભજનિક, અકીંચન, ધર્મનિષ્ઠ અને સાધુતાના તમામ લક્ષણોને વરેલા પરમ પૂજ્ય સ્વામીને જ્યારે સંપ્રદાયના વડા આચાર્ય મહારાજ દ્વારા મહોત્સવ દરમિયાન સદ્ગુરુ પદથી અલંકૃત કરાયા ત્યારે સમસ્ત ગુરુકુલ પરિવાર અને સારાએ સંપ્રદાયમાં આનંદ છવાઈ ગયો.

આ પ્રસંગ કોઈ કલ્પના બહારનો છે. યોગ્ય હાથોએ યોગ્ય વક્તિનો સત્કાર થાય એ દિવ્ય ઘટના છે. આ અલગારી સાધુને માન સન્માનની કાંઈ પડી નથી. પરંતુ આ તો આચાર્ય મહારાજશ્રી, શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજના હૃદયમાંથી ઉગેલા આશીર્વાદ છે. સમસ્ત ગુરુકુલ પરિવાર માટે આજનો દિવસ ઐતિહાસિક અને સુવર્ણનો રહેશે.

- પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

સાધુતા સંપન્ન સંતનું આજે આચાર્ય મહારાજ દ્વારા જે રીતે સન્માન થયું અને સર્વ સંતોએ આ રીતે રાજીપો દર્શાવ્યો હોય એવી મારાં જીવનની આ પ્રથમ ઘટના છે. સ્વામીની સાધુતાને ધન્યવાદ. - પરમ પૂજ્ય સદ્ગુરુ જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી (ગાંધીનગર)

સાધુતાથી સંપન્ન અને સંપ્રદાયની પ્રણાલી પ્રમાણે કોઈ સંત કથાવાર્તા કરતા હોય એમને આચાર્ય દ્વારા સદ્ગુરુ પદ અપાય ત્યારે એ સદ્ગુરુનું સન્માન નથી, સ્વયં આચાર્ય પદનું સન્માન છે. આચાર્ય પદ સંતોથી શોભે છે. પૂજ્ય હરિસ્વરૂપ સ્વામીએ કોઈ અપેક્ષા રાખ્યા વગર આખી જીંદગી કથાવાર્તા કરી છે. મૂળ, સત્ય અને સનાતન વાત કરી છે.

- પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

સત્સંગ તથા આશીર્વચન

વિશાળ મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવો, આચાર્ય મહારાજશ્રી તથા સંતો

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય મુક્તાનંદબાપુ

પૂજ્ય દેવપ્રસાદજી મહારાજ તથા પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ



વ્યાખ્યાનમાળાનો લાભ આપતા પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



પૂજ્ય દિલીપદાસજી મહારાજ

પૂજ્ય નિલકંઠચરણદાસજી સ્વામી તથા પૂજ્ય હરિપ્રકાશદાસજી સ્વામી

પૂજ્ય સ્વામી સાથે આગેવાન સંતો

ધામધામથી પધારેલ સંતોની ઉપસ્થિતિ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની મહોત્સવમાં પ્રેરક ઉપસ્થિતિ

કુંડી શ્રી મહાવિષ્ણુયાગમાં ઉપસ્થિત મહારાજશ્રી તથા સંતો-ભક્તો

મહિલામંચ તથા યજમાનોને આશીર્વાદ

મહિલામંચમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતી દ્રોણેશ્વર ગુરુકુલની દીકરીઓ તથા ઉપસ્થિત જૈન સાધ્વીશ્રી સીતાબાઈજીનું સ્વાગત કરતા સાંખ્યયોગી બહેનો



પ્રાર્થના મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ જેમની તન-મન અને ધનની સેવાથી સાકારિત થયો એવા યજમાનશ્રીઓને તથા રીબડા ગુરુકુલની સેવામાં જોડાયેલા પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામી તથા સંતોને આશીર્વાદ પાઠવતા સદ્‌ગુરુ સંતો



કેટલીક ઐતિહાસિક ક્ષણોની સાક્ષી બનેલા 'પ્રાર્થના ભવન ઉદ્ઘાટન' મહોત્સવની પૂર્ણાહુતિ મહારાજ તથા સંતોનું પૂજન તેમજ સમૂહ આરતી સાથે થઈ ત્યારે કેટલીય આંખો ભીની થઈ અને હૃદય ગદ્ગદિત થયા. રાજકોટને આંગણે અદ્ભુત મહોત્સવ ઊજવાઈ ગયો.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીને ગુજરાતી ગૌરવ એવોર્ડની સન્માનિત કરાયા

સુપ્રસિદ્ધ સામાજિક સંસ્થા બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા અનેક યશસ્વી વ્યક્તિઓનું ૨૩ નવેમ્બરે મુંબઈ દાદર ખાતે યોગી સભાગૃહમાં એવોર્ડસ્ આપી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીને 'ગુજરાતી ગૌરવ એવોર્ડ'થી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે સમાજ, શિક્ષણ અને સેવાને સમર્પિત સ્વામીજીના સમર્પણની સુગંધ ગુજરાતની સરહદો ઓળંગી વૈશ્વિક કક્ષાએ પહોચી છે તેની પ્રતીતિ થઈ.

સંસ્થાના પ્રતિનિધિ SGVP ના એક્જીક્યુટીવ ડાયરેકટર શ્રી જયદેવભાઈ સોનગરા, પાર્ષદ શ્રી કનુભગત તથા પાર્ષદ શ્રી શામજીભગતે સ્વામીજી વતી આ એવોર્ડ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે સમસ્ત SGVP ગુરુકુલ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

પત્ર દ્વારા સન્માનનો પ્રત્યુત્તર પાઠવતા સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'આપણે મા અને માતૃભૂમિના ઋણમાંથી ક્યારેય મુક્ત થઈ શકતા નથી. આપણે ગુર્જરધરાના સંતાન છીએ. એની સેવા કરવા મળે એ આપણા સદ્ભાગ્ય છે. આ સન્માન હું આધુનિક યુગમાં ગુરુકુલ પરંપરાના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનાં ચરણોમાં અર્પણ કરી ભારમુક્ત થાઉ છું. આ એવોર્ડનો સર્વ યશ ગુરુકુલના નાનામાં નાનાં સેવકોને ફાળે જાય છે.'

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી વલ્લભભાઈ ભીમજીભાઈ ગજેરા :- ગામ દેવરાજીયા, હાલ અમેરિકા નિવાસી પ.ભ. શ્રી વલ્લભભાઈ ગજેરા ૨૭ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારને સત્સંગની દૃઢતા અને સંતો પ્રત્યે હેત અજોડ છે. વલ્લભબાપાનું જીવન ભગવદ્‌પરાયણ હતું. સવારથી સાંજ સુધી તેઓ હરિસ્મરણમાં ડુબેલા રહેતા. આવા પવિત્ર ભક્ત વલ્લભબાપાના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા જાદવજીભાઈ, વાલજીભાઈ, વિનુભાઈ, દિનેશભાઈ, મનોજભાઈ, નરેશભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હરજીભાઈ રામજીભાઈ પીંડોરિયા :- ગામ મીરઝાપર નિવાસી અને સન્નિષ્ઠ સેવક હરજીભાઈ પીંડોરિયા ૮૭ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. સંતો અને સત્સંગ પ્રત્યે હેત ધરાવનારા હરજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા મનજીભાઈ, ધનજીભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કમલેશભાઈ કોદરભાઈ પટેલ :- ગામ પુંસરી નિવાસી પ.ભ. શ્રી કમલેશભાઈ ૧૯ નવેમ્બરના રોજ ૫૨ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી, સન્નિષ્ઠ સેવક, સંતો અને સંસ્થાને સમર્પિત ભક્ત એવા કમલેશભાઈના અક્ષરવાસથી સમાજ અને સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે. સાહિત્ય અને શિક્ષણના જીવ કમલેશભાઈએ ખૂબ જ લોકચાહના મેળવી હતી. એમણે પોતાનું સર્વસ્વ સંસ્થાને સમર્પિત કરી દીધું હતું. આવા મહાન સેવક કમલેશભાઈના આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા કોદરભાઈ, જય, ક્રિષ્ના વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.



અ.નિ. શ્રી વલ્લભભાઈ માધવજીભાઈ શેલડિયા : ગામ મોટા સમઢિયાળા, હાલ ગાંધીનગર નિવાસી શ્રી વલ્લભભાઈ શેલડિયા ૨૬ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. એમણે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. એકાંતિક સ્થિતિને પામેલા આ ભક્તે પોતાના પરિવારમાં પણ ખૂબ સારા સંસ્કારોનું સીચંન કર્યું છે. વલ્લભભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા કિશોરભાઈ, હિંમતભાઈ, મનહરભાઈ, વિનોદભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સુરેશભાઈ કરસનભાઈ ભુડિયા : ગામ નારાયણપર, હાલ મોંબાસા નિવાસી અને ગુરુકુલના નિષ્ઠાવાન સેવક સુરેશભાઈ ભુડિયા તારીખ ૨૬ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે. સુરેશભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા અશ્વિનભાઈ, રતિલાલભાઈ, દિનેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ત્રિકમભાઈ નરશીભાઈ વાડદોરિયા :- અમદાવાદ નિવાસી શ્રી ત્રિકમભાઈ વાડદોરિયા ૨ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે ખૂબ જ નિષ્ઠાથી જોડાયેલો છે અને સત્સંગ પણ દૃઢતાથી કરે છે. ભગવાન શ્રીહરિ ત્રિકમભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ભરતભાઈ, મથુરભાઈ, સુરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રભાવતીબેન ધર્મકુમાર ઠાકર :- લોસ એન્જલસ-અમેરિકા નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક હર્ષવર્ધનભાઈ ઠાકરના માતુશ્રી પ્રભાવતીબેન ૨૭ નવેમ્બરના રોજ ૯૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવારે શ્રીહરિ અને સદ્‌ગુરુઓનો ખૂબ રાજીપો મેળવ્યો છે. આ પરિવારનો ગુરુકુલ પ્રત્યેનો લગાવ અનોખો છે. ભગવાન શ્રીહરિ પ્રભાવતીબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા હર્ષવર્ધનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિજ્યાબેન અશોકભાઈ લક્કડ :- અમદાવાદ નિવાસી અને વર્ષોથી ગુરુકુલની ઓફીસમાં નિષ્ઠાથી સેવા કરતા ચેતનભાઈ લક્કડના માતુશ્રી વિજ્યાબેન ૧૩ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારે શ્રીહરિ અને સદ્‌ગુરુઓનો ખૂબ રાજીપો મેળવ્યો છે. ભગવાન શ્રીહરિ વિજ્યાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ચેતનભાઈ, અલ્પેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મણિબેન હરદાસભાઈ બારસિયા :- ગામ ગુંદાસરા નિવાસી તથા ગુરુકુલના સમર્પિત સેવક ગોવિંદભાઈ બારસિયાના માતુશ્રી મણિબેન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારે શ્રીહરિ અને સદ્‌ગુરુઓનો ખૂબ રાજીપો મેળવ્યો છે અને સમર્પિતભાવે ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ મણિબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ગોવિંદભાઈ, કાનજીભાઈ, ભીમજીભાઈ, પરશોત્તમભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી તારાબેન જયંતીભાઈ ટાંક :- અમદાવાદ નિવાસી શ્રી તારાબેન ટાંક શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારનો ગુરુકુલ પ્રત્યેનો લગાવ અનોખો છે. ભગવાન શ્રીહરિ તારાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા રાજેન્દ્રભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૪/૦૧/૨૦, શનિવાર : **શ્રીહરિ જયંતી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૦૫/૦૧/૨૦, રવિવાર : **સુહૃદસભા :** ફલકુટોત્સવ, સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૦૬/૦૧/૨૦, સોમવાર : **પુત્રદા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૧૪/૦૧/૨૦, મંગળવાર : **મકરસંક્રાંતિ પર્વ :** સવારે ધનુર્માસ પૂર્ણાહુતી, ગૌપૂજન, અમદાવાદ ગુરુકુલ
તા. ૨૦/૦૧/૨૦, સોમવાર : **ષટ્‌તિલા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૩૦/૦૧/૨૦, ગુરુવાર : **વસંતપંચમી :** શિક્ષાપત્રી જયંતિ, રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ પાટોત્સવ તથા શાકોત્સવ
સવારે ૭: કલાકે અભિષેક દર્શન, શિક્ષાપત્રી પાઠ તથા પૂજન, અન્નકૂટ દર્શન, સત્સંગ સભા- (SGVP)

વચનામૃત જયંતીના પાવન દિવસે શ્રી ઘનશ્યામ મહારાજના ચોવીસમાં પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી તેમજ અન્નકૂટનાં દિવ્ય દર્શન, અમદાવાદ ગુરુકુલ

માગશર સુદ-૪, ૨૦૦મી વચનામૃત જયંતીના રોજ વચનામૃત ગ્રંથનાં ભવ્ય પૂજન પ્રસંગે ગ્રંથના સમૂહ પાઠ, પાલખીયાત્રા, શોડશોપચાર પૂજન, સમૂહ આરતી વગેરે દિવ્ય આયોજનોમાં ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો. આ પ્રસંગે સંતો-ભક્તજનોએ સમૂહમાં મળી ચોવીસ કલાકમાં ૨૦૦ વચનામૃત ગ્રંથના પાઠ કર્યા હતા.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

૧૮ ડિસેમ્બરના રોજ દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે યોજાયેલ વિરાટ કૃષિ સંમેલન પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યજી, પૂજ્ય સ્વામીજી તથા સંતો-મહાનુભાવો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ખેડુતોને ઓર્ગેનિક ખેતી તથા ગૌસંવર્ધન અંગે માર્ગદર્શન અપાયું હતું. રાજ્યપાલશ્રીએ ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓને ખૂબ જ બિરદાવી હતી અને ગૌપૂજન-વૃક્ષારોપણ કર્યું હતું.

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-